# જામનગરમાં ગુરુદ્વારા ચોકડી નજીક વર્ષો જૂની ઓપન કેનાલને બુરવાની કામગીરીનો આરંભ

જામનગર : જામનગરમાં ગુરુદ્વારા ચોકડી નજીક ખુશ્બુવાડી બંગલા પાછળ આવેલી કેનલ સ્થાનિકો માટે વર્ષોથી સમસ્યારૂપ બની હતી. આ કેનલ હવે બિનઉપયોગી બની ગઈ હોવાથી તેને ભરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધિરેનભાઈ મોનાણીના પ્રયત્નોથી આ કામગીરી સત્વરે શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

આ અંગે સોલિડ વેસ્ટ શાખાના મુખ્ય અધિકારી આસી. કમિશનર મુકેશ વરણવા તથા તેમની ટીમ દ્વારા સમગ્ર કેનાલનું સર્વે કરવામાં આવ્યું હતું. સર્વે બાદ કેનાલને બુરવાની


તસવીર: સુનિલ ચુડાસમા

કામગીરી શરૂ કરવામાં આવી છે. કામગીરીના પ્રારંભિક તબક્કામાં કેનલ ઉપરના સ્લેબો તોડી દૂર કરવામાં આવ્યા હતા. સ્લેબ નીચે ફિટ કરવામાં આવેલા લોખંડના સળિયા સહિતના ધાતુની સામગ્રી ગેસ કટર મંગાવી તેનું કટિંગ કરવામાં આવ્યું હતું.

કટિંગ કરાયેલા લોખંડના સળિયા સહિતનો ભંગાર જામનગર મહાનગરપાલિકા ખાતે જમા કરાવવામાં આવ્યો છે. કેનાલ ઉપરના સ્લેબો તોડી દૂર કરવાની કામગીરી પૂર્ણ થયા બાદ હવે કેનાલને માટી સહિતની સામગ્રીથી બુરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

સ્થાનિકો માટે વર્ષોથી પ્રશ્નરૂપ બનેલી આ કેનાલ હવે બિનઉપયોગી બની ગઈ હોવાથી નજીકના ભવિષ્યમાં સમગ્ર જૂની કેનાલને ભરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધિરેનભાઈ મોનાણી દ્વારા સમગ્ર કામગીરીની દેખરેખ રાખવામાં આવી રહી છે.

# ધ્રોલના લૈયારા નજીક એક્ટિવા આડે ગાય ઉતરતાં વૃદ્ધનો ભોગ લેવાયો

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લૈયારા-જાબીડા ગામ વચ્ચેના રોડ પર એક્ટિવા આડે અચાનક ગાય ઉતરી આવતા સર્જાયેલા અકસ્માતમાં વૃદ્ધ ચાલકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ ધ્રોલ લૈયારા ગામના માનસિંગભાઈ રઘુભાઈ વાઘેલા નામના ૬૦ વર્ષના વૃદ્ધ તા. ૧૪ જુલાઈના રોજ સાંજના સમયે પોતાના ઘરેથી દૂધ લેવા માટે એક્ટિવા નં. જીજે-૧૦-ઈબી-૯૬૮૫ લઈને નીકળ્યા હતા. દરમિયાન લૈયારા ગામથી જાબીડા ગામ તરફ જવાના રોડ પર સજુભા જટુભા જાડેજાની વાડી સામે અચાનક ગાય આડી ઉતરી આવતા તેમની એક્ટિવા સ્લીપ થઈ ગઈ હતી.

આ અકસ્મતમાં માનસિંગભાઈને માથા તથા છાતીના ભાગે તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જયાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના પુત્ર શામજીભાઈ માનસિંગભાઈ વાઘેલાએ ધ્રોલ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે મૃતદેહનો કબ્જો સાંભળી વધુ તપાસ હાથ ધરી છે.

## આરંભડા ગામે ફરસાણનો વેપારી દારૂના સાત ચપલા સાથે ઝડપાયો

દ્વારકા : દ્વારકા તાબેના આરંભડા ગામની ગોળાઈ પાસેથી ફરસાણના વ્યવસાય સાથે સંકળાયેલા એક શખ્સને પોલીસે ઈંગ્લિશ દારૂના ચપલા સાથે ઝડપી લઈ અન્ય એક શખ્સને ફરાર જાહેર કરી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા તાલુકાના સુરજકરાડી ગામમાં રહેતો જીગર સાગરભાઈ પંડ્યા નામનો શખ્સ આરંભડા ગામની પ્લાસ્ટીકનો થેલો લઈ પસાર થતો હોય આ વેળાએ જિલ્લાની એલસીબી પોલીસે અટકાવી તલાસી લેતા તેમાંથી રૂ. ૧૪૦૦ ની કિંમતના ૭ નંગ ઈંગ્લિશ દારૂના ચપલા મળી આવતા મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૬૪૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ તેની અટકાયત કરી હતી જ્યારે મેહુલ પ્રવીણભાઈ મકવાણા નામના સપ્લાયરની શોધખોળ હાથ ધરી બન્ને વિરુદ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો દાખલ કર્યો હતો.

# જામનગર જિલ્લાની તમામ ITI માં પ્રવેશ પ્રક્રિયાનો ચોથો રાઉન્ડ શરૂ

### એડમિશન ફોર્મ ભરવા તમામ સરકારી ITI ખાતે વિનામૂલ્યે 'હેલ્પ સેન્ટર' કાર્યરત

જામનગર : રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર હસ્તકની જામનગર જિલ્લાની તમામ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે શૈક્ષણિક સત્ર ૨૦૨૬-૨૭ માટે વિવિધ વ્યવસાયિક કોર્સોમાં પ્રવેશ મેળવવાનો ચોથો રાઉન્ડ શરૂ થઈ રહ્યો છે. ત્રીજા તબક્કાની કામગીરી પૂર્ણ થયા બાદ જુદા જુદા ટેકનિકલ ટ્રેડમાં બાકી રહેલી જૂજ ખાલી બેઠકો ભરવા માટે સુધારેલા સમયપત્રક મુજબ ચોથા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા તા. ૭ ઓગષ્ટ, ૨૦૨૬ થી ૧૪ ઓગષ્ટ, ૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવશે, તેમ ITI જામનગરના આચાર્ય દ્વારા જણાવવામાં આવ્યું છે.

ચાલુ શૈક્ષણિક વર્ષે એડમિશન મેળવવા ઈચ્છુક અને નિયત લાયકાત ધરાવતા તમામ ઉમેદવારો અધિકૃત પોર્ટલ https://itiadmission.gujarat.gov.in/ પર જઈને ઓનલાઈન અરજી કરી શકશે. ગ્રામ્ય કે શહેરી વિસ્તારના જે વિદ્યાર્થીઓને ઓનલાઈન ફોર્મ ભરવામાં મુશ્કેલી પડતી હોય, ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ ન હોય કે યોગ્ય માર્ગદર્શનની જરૂર હોય, તેમના માટે જામનગર જિલ્લાની તમામ સરકારી ખાતે વિશેષ 'હેલ્પ સેન્ટર' શરૂ કરવામાં આવ્યા છે. આ હેલ્પ સેન્ટરો પર ઉમેદવારો કોઈ પણ પ્રકારની ફી ચૂકવ્યા વગર, સંપૂર્ણપણે વિનામૂલ્યે નિષ્ણાતોની દેખરેખ હેઠળ પોતાનું ઓનલાઈન એડમિશન ફોર્મ ભરાવી શકશે.

આજની ઔદ્યોગિક જરૂરિયાતો મુજબ ટેકનિકલ ક્ષેત્રે કૌશલ્ય વર્ધન કરી આત્મનિર્ભર બનવા તેમજ ઉજ્જવળ રોજગારીની તકો મેળવવા ઈચ્છતા જામનગર જિલ્લાના તમામ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને આ સુવિધાનો લાભ લેવા અનુરોધ કરાયો છે. પ્રવેશથી વંચિત રહી ગયેલા લાયક ઉમેદવારોએ તા. ૧૪ ઓગસ્ટ સુધીમાં પોતાનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી લેવા આચાર્ય દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે.

# દ્વારકામાં દેશી દારૂ બનાવવાનો ૩૨૦ લીટર આથો ઝડપાયો, બે શખ્સને ફરાર



દ્વારકા : દ્વારકામાં સ્થાનિક પોલીસે ચોક્કસ બાતમીના આધારે એક ઝૂંપડામાં દરોડો પાડી દેશી દારૂ બનાવવાનો કાચો આથો મળી આવતા કબ્જે લઈ બે શખ્સ સામે ફરિયાદ દાખલ કરી ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દ્વારકા શહેરમાં રાણેશ્વર ફાટક પાસે રહેતા હાજરાજ ભોજાસીભાઈ સુમાત અને રત્નાભાઈ ભોજસીભાઈ સુમાતા વિગેરેના કબ્જા ભોગવટાના ઝૂંપડામાં સ્થાનિક પોલીસે દરોડો પાડી ત્યાંથી દેશી દારૂ બનાવવાનો રૂ. ૧૮ હજારની કિંમતનો ૩૨૦ લીટર આથો ઝડપી લીધો હતો જયારે દરોડા દરમિયાન બન્ને શખ્સ હાજર નહીં મળી આવતા દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી બન્નેની શોધખોળ હાથ ધરી છે.

# જામનગરની ગાયત્રી શક્તિપીઠમાં શ્રાવણ માસમાં વિવિધ કાર્યક્રમો યોજાશે

જામનગર : શ્રી ગાયત્રી શક્તિપીઠના મહાકાળેશ્વર મંદિરમાં શ્રાવણમાસ દરમ્યાન દરેક સોમવારે અને અમાસના દિવસે ભગવાન મહાદેવના જુદા-જુદા રૂપોના દર્શનની ઝાંખીનું આયોજન થશે. જેમાં જંગલેશ્વર મહાદેવ, બર્ફાની બાબા, બાર જ્યોર્તિલિંગ, પાર્થિવ શિવલિંગ અને અઘોરી બાબાના વિવિધ રૂપોની જુદી-જુદી ઝાંખી ગોઠવવામાં આવશે.

વિશેષમાં પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન ગાયત્રી શકિતપીઠમાં તા.૨૮-૮-૨૦૨૬ને શુક્રવારે શ્રાવણ સુદ પૂનમ રક્ષાબંધનના દિવસે સવારે ૮ થી ૧૦ વાગ્યા દરમ્યાન ગાયત્રી શક્તિપીઠ ત્રિપદા ભવનમાં જનોઈ બદલાવવા (યજ્ઞોપવિત પરિવર્તન)નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

આથી યજ્ઞોપવિત ધારક ગાયત્રી પરિવારના પરિજનો તથા સંસ્થાના તમામ સભ્યોને પોતપોતાની જનોઈ વિધિવત રીતે બદલાવવા માટે આ કાર્યક્રમનો લાભ લેવા ગાયત્રી શકિતપીઠ કાર્યલયમાં પોતપોતાના નામ વહેલાસર નોંધાવી જવા શ્રી ગાયત્રી શકિતપીઠની યાદીમાં જણાવવામાં આવે છે. તા.૪-૯-૨૦૨૬ને શુક્રવારે શ્રાવણ વદ આઠમ જન્માષ્ટમીના દિવસે રાત્રે ૧૦ થી ૧૨ વાગ્યા દરમ્યાન શ્રી ગાયત્રી શકિતપીઠ જામનગરના ત્રિપદા ભવનમાં ભજન, કીર્તન, સત્સંગ, રાસ અને શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે.

યજ્ઞ શાળામાં થતા દૈનિક યજ્ઞમાં શ્રાવણ માસમાં દરરોજ યજ્ઞ બાદ લઘુ રૂદ્રીનો પાઠ કરવામાં આવશે. તમામ સોમવારે રાત્રે ૯ થી ૧૧ દરમ્યાન શિવ ભજન-સત્સંગના કાર્યક્રમનું આયોજન થયેલ છે. સર્વે ગાયત્રી પરિવારના પરિજનો તથા ભાવિક ભક્તોને લાભ લેવા શ્રી ગાયત્રી શકિતપીઠની યાદીમાં જણાવવામાં આવે છે.

# જામનગર અને દરેડમાં જુગાર રમતી ત્રણ મહિલા સહિત ૧૦ શખ્સો ઝડપાયા

જામનગર : જામનગર શહેર અને દરેડમાં પોલીસે જુગાર અંગે બે દરોડા પાડી ત્રણ મહિલા સહિત ૧૦ શખ્સોને ઝડપી લઈ તેઓ પાસેથી રૂ. ૧.૧૨ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

પ્રથમ દરોડો જામનગર નજીક દરેડ જીઆઈડીસીના ગૌશાળા સર્કલથી આગળ પ્રથમ શેરીમાં પ્લોટ નં.૪૫૧૦ની આગળ કરંજના ઝાડ નીચે લાઈટના અજવાળામાં કેટલાક શખ્સો તીનપત્તી રોન-પોલીસનો જુગાર રમતા હોવાની બાતમીના આધારે પંચકોશી બી ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં જાહેરમાં જુગાર રમતા ભુપેન્દ્ર લક્ષ્મીનારાયણ જાટવ, સોનુ રામસ્વરૂપ જાટવ, સંતોષ મેહરબાનસિંહ જાટવ, રાજેન્દ્ર ધનશ્યામ જાટવ અને સુરેશ ભુપતભાઈ ભીલને ઝડપી લઈ તેઓ પાસેથી રૂ.૧૦,૮૫૦ની રોકડ તેમજ સ્થળ પરથી રૂ.૩૬૦ અને મળી કુલ રૂ.૧૧,૨૧૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ ઉપરાંત જામનગરના હરીયા કોલેજ પાછળ શિવનગર શેરી નં.૨માં જાહેરમાં ગંજીપત્તા વડે જુગાર રમાતો હોવાની બાતમીના આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડ્યો હતો. જ્યાં જુગાર રમી રહેલ હરભમભાઈ જીવણભાઈ નરા ચારણ, જીવણભાઈ હરભમભાઈ નરા ચારણ, દિવ્યાબેન ખીમજીભાઈ કરંગીયા, લતાબેન દિનેશભાઈ વિઠલાપરા અને માયાબેન જીતેન્દ્રભાઈ સુમરીયાને ઝડપી પાડવામાં આવ્યા હતા. અને તેઓ પાસેથી રૂ.૪૧,૭૫૦ની રોકડ, એક મોટરસાયકલ મળી કુલ રૂ.૧,૦૧,૭૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# જામનગરમાં તંત્રની કાર્યવાહી અવિરત, ૪૪ સ્થળોએ ચેકીંગમાં અખાદ્ય વસ્તુ મળી આવી

### ૨૨ સ્થળે ૨૯ કિલો અખાદ્ય પનીર-બટરનો નાશ કર્યો, વાસી ખોરાકનો પણ ૪૫ કિલો જથ્થો ઝડપાયો

જામનગર : રાજ્ય સરકારના આદેશના પગલે જામનગર મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા પનીર, ચીઝ, બટર સહિતની દૂધજન્ય ખાદ્ય ચીજવસ્તુઓની ગુણવત્તા ચકાસવા માટે હાથ ધરાયેલી સઘન તપાસ ઝુંબેશ સતત બીજા દિવસે પણ યથાવત્ રાખવામાં આવી હતી. શુક્રવારે ફૂડ શાખાની અલગ-અલગ બે ટીમોએ શહેરના કુલ ૨૨ સ્થળોએ ચેકિંગ હાથ ધરીને અંદાજે ૨૯ કિલો અખાદ્ય પનીર, બટર સહિતની સામગ્રીનો સ્થળ પર જ નાશ કરાવ્યો હતો.

ગઈકાલ શુક્રવારની કાર્યવાહીમાં અલગ-અલગ બે ટીમો દ્વારા વિવિધ વિસ્તારોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. ચેકિંગ


તસવીર: સુનિલ ચુડાસમા

દરમિયાન માનવ વપરાશ માટે અયોગ્ય જણાયેલું અંદાજે ૨૯ કિલો પનીર, બટર સહિતની સામગ્રી મળી આવતા તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ફૂડ શાખાની ટીમોએ હોટલ-રેસ્ટોરન્ટ તથા અન્ય ખાદ્ય વ્યવસાયિક એકમોમાં વાસી ખોરાકની પણ ચકાસણી કરી હતી. તપાસ દરમિયાન અંદાજે ૪૫ કિલો જેટલો અખાદ્ય વાસી ખોરાક મળી આવતા તેનો પણ સ્થળ પર જ નાશ કરાવવામાં આવ્યો હતો.

મનપાની ફૂડ શાખા દ્વારા પનીર સહિતની ખાદ્ય ચીજવસ્તુઓના નમૂનાઓ એકત્ર કરવાની તેમજ જરૂરી જણાય ત્યાં લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી રહી છે. અખાદ્ય કે ગુણવત્તા વિનાની ખાદ્ય સામગ્રીનું વેચાણ કરતા વેપારીઓ સામે ફૂડ સેફ્ટી કાયદા હેઠળ કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપવામાં આવી છે.

**ખાસ કીસ્સામાં ઘાસચારાનાં પરિવહન અંગેની ટૂંકી મુદતની જાહેર નિવિદા**

**તાત્કાલિક/અગત્યનું.**

તાજેતરમાં દેવભુમિ દ્વારકા જિલ્લામાં વરસાદ વિલંબિત થતાં દેવભુમિ દ્વારકા જિલ્લાના તાલુકાઓમાં વ્યાપક રીતે જનજીવન તથા પશુઓ પ્રભાવિત થયેલ છે.ઉક્ત પરિસ્થિતીમાં જિલ્લામાં પશુધન માટે ઘાસની જરૂરિયાત ઉપસ્થિત થતાં અન્ય જિલ્લાઓમાંથી અત્રેના જિલ્લામાં ઘાસ પહોંચાડવા તેમજ અત્રેના જિલ્લાની અંદર તાલુકાઓમાં ઘાસ પહોંચાડવા માટે પરિવહન અર્થે વાહનોની જરૂરિયાત છે. આથી ઈચ્છુક ટ્રાન્સપોર્ટર, કોન્ટ્રાકટર કે વ્યક્તિને ઘાસ પરિવહન માટે વાહનોને લગત જરૂરી દસ્તાવેજો સાથે નીચે મુજબની મહત્તમ ભાવ મર્યાદામાં અને નીચેની શરતોને આધીન ભાવપત્રક બંધ કવરમાં બિડ સાથે જિલ્લા પુરવઠા અધિકારીની ચેમ્બર, જિલ્લા સેવા સદન,પ્રથમ માળ ધરમપુર-લાલપુર રોડ,મુ.ખંભાળીયા જિ.દેવભુમિ દ્વારકા. ખાતે તારીખ.૧૦/૦૮/૨૦૨૬ નાં રોજ ૧૨:૦૦ કલાકે રુબરુ હાજર રહેવા માટે આમંત્રીત કરવામાં આવે છે.

| ક્રમ | કામની વિગત | મહત્તમ ભાવ મર્યાદા |
|---|---|---|
| ૧. | ઘાસનાં વિતરણ માટે વાહનો પુરા પાડવા | રૂ. ૩.૦૦ પ્રતિ ક્વિન્ટલ પ્રતિ કિ.મી. |

લોડીંગ-અનલોડીંગ (મજુરી) નાં ભાવો પ્રવર્તમાન સરકારશ્રીના નક્કી કરેલા નિયમો હશે તે મુજબ ચૂકવવામાં આવશે.

સભ્ય સચિવ
સ.પ્રા.વા.વ્ય.અધિકારી,ખંભાળીયા
જીલ્લા કક્ષાની ઘાસ પરિવહન ભાવ
તથા એજન્સી નક્કી કરવા માટેની સમિતિ

માહિતી-જામ.-વ.જા.ખ./૩૬૭/૨૦૨૬

## જન્માષ્ટમીની સાર્વજનિક શોભાયાત્રાના આયોજન માટે આજે બેઠક

જામનગર : જામનગરમાં છેલ્લા ૧૯ વર્ષથી નીકળતી શ્રી કૃષ્ણ જન્માષ્ટમીની ૨૦મી સાર્વજનિક શોભાયાત્રાના આયોજન માટે આજે તા.૮/૮/૨૦૨૬ના શનિવારે સાંજે ૭: ૦૦ કલાકે શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મંદિર, ખંભાળિયા નાકા પાસે, જામનગર ખાતે શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય અનંતશ્રી વિભૂષિત જગદગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજની નિશ્રામાં અગત્યની બેઠક રાખવામાં આવી છે. જેમાં વિવિધ જ્ઞાતિ મંડળો, ધાર્મિક તેમજ સામાજિક સંસ્થાઓ અને સનાતન ધર્મપ્રેમીઓને મિત્ર મંડળ સાથે ઉપસ્થિત રહેવા શ્રી કૃષ્ણ જન્માષ્ટમી સાર્વજનિક શોભાયાત્રાના કિંજલભાઈ કારસરીયાની યાદીમાં અનુરોધ કરાયો છે.

## જામ્યુકોમાં વેરા નહીં ભરપાઈ ૧૨૦૦ બાકીદારો સામે કાયદેસર કાર્યવાહી કરાશે

જામનગર : જામનગર મહાનગરપાલિકામાં વેરા રકમ ભરપાઈ નહિ કરતા મિલ્કત ધારકો સામે મ્યુ. તંત્ર વેરા નોટીસો પછી વોરંટ અને બાદમાં અનુસુચિ બજાવીને આખરે મિલ્કતોને સીલ મારવાની કસરત તો કરતું આવે છે. પરંતુ હવે તંત્રએ આક્રમક રસ્તો અપનાવીને રૂ. ૧ લાખથી વધુના વેરાના બાકીદાર એવા ૧૨૦૦ આસામીઓ સામે વેરા રિકવરીના દાવા દાખલ કરીને કોર્ટના ઓર્ડર બાદ મિલ્કત જપ્તી સુધી ની કાર્યવાહીનો કરવાનો નિર્ણય લીધો છે.

પ્રથમ તબક્કે ૧૨૦૦ પૈકીના ૪૫૪ વેરાના ડિફોલ્ટર આસામીઓને કાનુની નોટસો આપવાની કામગીરી શરૂ થઈ છે. કોર્પોરેશનના હાઉસ ટેક્સ વિભાગના આસિસ્ટન્ટ કમિશનર જીજ્ઞેશભાઈ નિર્મલના જણાવ્યા મુજબ કોર્પોરેશન દ્વારા વેરાના બાકીદાર આસામી હોય તેવા લોકોને પાછલા બાકી વેરા ભરવામાં અગવડતા ન પડે તે માટે છેલ્લા ૪ વર્ષમાં પાછલા બાકી વેરા ઉપર ૧૦૦ ટકા વ્યાજ માફીની સ્કીમો આપવામાં આવી છે. જેના કારણે તંત્રની તીજોરીને કરોડો રૂપિયાની આવક થઈ છે. સામે વેરાના બાકીદારોની મિલ્કતો પણ બાકી વેરાના બોજાથી મુક્ત થઈ ચુકી છે. ઉપરાંત તંત્ર દ્વારા અગાઉ બીપીએમસી કાયદા મુજબ વસુલાત માટે અનેક મિલકતો ની સીલીંગ અને જપ્તીની કાર્યવાહી પણ કરવામાં આવી છે.

આમ છતાં શહેરના અનેક લોકો સેવાનો લાભ તો મેળવે છે પરંતુ વેરો ભરપાઈ કરતા નથી. તેવા રૂપિયા એક લાખથી વધુ રકમના બાકીદારોની સંખ્યા લગભગ ૧૨૦૦ થવા જાય છે . આવા આસામીઓ પાસે થી હવે વેરા વસુલાત માટે કોર્ટમાં દાવો કરવામાં આવશે અને મંજૂરી મળ્યા પછી નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

# જામનગર-દ્વારકા જિલ્લાના ન્યાયતંત્રમાં ફેરફાર, જજોની બદલીઓ કરાઈ

જામનગર : ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજ્યના ન્યાયતંત્રમાં મોટા પાયે બઢતી અને બદલીના આદેશો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના અનેક ન્યાયાધીશોની બદલી તથા પ્રમોશનની જાહેરાત કરવામાં આવી છે.


જામનગરના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ નેહલ જોશીની પાલનપુર ખાતે બદલી કરવામાં આવી છે. તેમની જગ્યાએ વડોદરાથી વિકુલ પાઠકની જામનગરના નવા પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

જામનગરના એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ આર.પી. મોગેરાની દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા ખાતે બદલી કરવામાં આવી છે. જ્યારે દ્વારકાની ફેમિલી કોર્ટના પ્રિન્સિપલ જજ ગીતાબેન આહીરની ખેડબ્રહ્મા ખાતે બદલી કરવામાં આવી છે. તેમની જગ્યાએ તેજસકુમાર દેસાઈની દ્વારકાના નવા પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

જામનગરના પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ નરેન્દ્રકુમાર પરમારને પ્રમોશન આપીને ત્રીજા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉપરાંત, જામનગરના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ તથા સિનિયર સિવિલ જજ ભદ્રેશ ગાંધીને પ્રમોશન સાથે રાજકોટ ખાતે ૧૬મા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે બદલી આપવામાં આવી છે.

દેવભૂમિ દ્વારકાના સિનિયર સિવિલ જજ જનકકુમાર સોલંકીને પ્રમોશન આપીને આણંદ ખાતે પાંચમા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમજ અમદાવાદના ત્રીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટને પ્રમોશન સાથે જામનગરમાં ચોથા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

ગુજરાત હાઈકોર્ટના આ આદેશોથી જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ન્યાયતંત્રમાં મહત્વપૂર્ણ વહીવટી ફેરફારો અમલમાં આવશે.




સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

# જામનગર આઈટીઆઈના વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા કરતા મંત્રી બાવળિયા



જામનગર : રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ આઈ.ટી.આઈ. જામનગરની મુલાકાત લઈ સંસ્થાના વિવિધ વિભાગોની કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરી હતી તેમજ ત્યાં ચાલતી શૈક્ષણિક અને ટેકનિકલ પ્રવૃત્તિઓની ઝીણવટભરી માહિતી મેળવી હતી.

મુલાકાત દરમિયાન મંત્રીએ આઈ.ટી.આઈ.ના વિદ્યાર્થીઓ દ્વારા રોજિંદા જીવનમાં ઉપયોગી થઈ શકે તેવાં તૈયાર કરવામાં આવેલ ૧૫ જેટલાં વિભિન્ન મોડેલ્સ અને પ્રોજેક્ટ્સનું પ્રદર્શન નિહાળ્યું હતું. વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને તકનીકી સુઝબુઝ જોઈને મંત્રીએ તેમના કૌશલ્યની મુક્ત મને સરાહના કરી તેઓને પ્રોત્સાહિત કર્યા હતા.

વિદ્યાર્થીઓ વધુ કુશળતા સાથે આધુનિક અભ્યાસ કરી શકે તેવા હેતુથી 'ટેકનો કોન્સેપ્ટ્સ ઈન્સ્ટ્રુમેન્ટ પ્રા. લી.' દ્વારા આઈ.ટી.આઈ.ને ભેટ સ્વરૂપે આપવામાં આવેલ ઈલેક્ટ્રિકલ અને ઈન્સ્ટ્રુમેન્ટ્સ સિસ્ટમનું મંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, મંત્રીએ સંસ્થામાં કાર્યરત વહિકલ લેબ અને ઓટોમોબાઈલ વર્કશોપની પ્રત્યક્ષ મુલાકાત લઈને ત્યાં ઉપલબ્ધ સાધન-સુવિધાઓ અને તાલીમ પદ્ધતિઓ અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના આચાર્ય આર.એસ. ત્રિવેદી, જે.આર. શાહ, ફોરમેન, સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરઓ તથા આઈટીઆઈનો સ્ટાફ અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સલાયા શહેર ભાજપ દ્વારા 'હર ઘર તિરંગા' આયોજન બેઠક



તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા : સલાયા શહેર ભાજપ દ્વારા જિલ્લા ભાજપની સૂચના અનુસાર 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત આયોજન બેઠકનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં હર ઘર તિરગાના જીલ્લાના ઈન્ચાર્જ જિલ્લા ભાજપ યુવા મોરચાના પ્રમુખ વનરાજસિંહ વાઢેર અને સહ ઈન્ચાર્જ બક્ષી પંચ મોરચાના પ્રમુખ ધીરજલાલ ટાકોદરા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે 'હર ઘર તિરંગા' અભિયાન તથા તિરંગા યાત્રાના સફળ આયોજન અંગે કાર્યકરોને વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકમાં સલાયા શહેર ભાજપ પ્રભારી પરેશભાઈ કાનાણી , પ્રમુખ લાલજીભાઈ ભુવા, મહામંત્રી સુમિતભાઈ લાલ અને પ્રદીપસિંહ જાડેજા, યુવા મોરચાના પ્રમુખ વિશાલ લાલ તથા અનિલભાઈ, ભાજપના આગેવાનો જયેશ પરમાર, પુનીત ભટ્ટ, વિજય ગોસ્વામી, કપિલ પીઠડિયા તેમજ મહિલા મોરચાના રેખાબેન વલાણી અને ખ્યાતિબેન કીરતસત્તા સહિત ભાજપના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.બેઠકમાં 'હર ઘર તિરંગા' અભિયાનને વધુ વ્યાપક અને સફળ બનાવવા માટે જુદીજુદી સંસ્થાઓના હોદ્દેદારો લોહાણા સમાજના પ્રમુખ અને ભાજપના પૂર્વ કોર્પોરેટર ભરતભાઈ લાલ, બ્રહ્મસમાજના અગ્રણી વિશાલ જોશી, યુવા એડવોકેટ અને પત્રકાર આનંદ લાલ વગેરે સાથે પણ મિટિંગ યોજી આ આયોજનને સફળ બનાવવા ચર્ચાઓ કરવામાં આવી હતી.

## ભાજપ દ્વારા સંત શિરોમણી રવિદાસજી મહારાજના ૬૫૦મા જન્મજયંતી નિમિત્તે 'દિપોત્સવ' યોજાયો



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : ભારતીય જનતા પાર્ટી જામનગર મહાનગર દ્વારા સંત શિરોમણી શ્રી રવિદાસજી મહારાજની ૬૫૦મી જન્મ જયંતી નિમિત્તે શહેરના વોર્ડ નંબર ૧ થી ૧૬ ના તમામ વોર્ડમાં ભવ્ય અને દિવ્ય 'દિપોત્સવ' કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમગ્ર જામનગર શહેરમાંથી બહોળી સંખ્યામાં નાગરિકો અને કાર્યકર્તાઓ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

વોર્ડ નંબર ૧ ખાતે યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં જામનગર શહેર ભાજપ અધ્યક્ષા બિનાબેન કોઠારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પૂજ્ય રવિદાસજી મહારાજના દિવ્ય જીવન, તેમના ક્રાંતિકારી વિચારો અને સમાજમાં સામાજિક સમરસતા તથા એકતા લાવવા માટેના તેમના મહાન પ્રદાન વિશે વિસ્તૃત વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. આ સાથે જ 'સમરસતા સંકલ્પ અભિયાન' ની માહિતી પણ ઉપસ્થિત સૌ નાગરિકો સુધી પહોંચાડવામાં આવી હતી. "એસા ચાહૂં રાજ મૈં જહાં મિલૈ સબન કો અન્ન, છોટ બડો સબ સમ બસૈ, રવિદાસ રહૈ પ્રસન્ન." સંત શ્રી રવિદાસજી મહારાજે આપેલા આ અમર સંદેશાને યાદ કરતા વક્તાઓએ જણાવ્યું હતું કે, સંત રવિદાસજીએ જે સામાજિક સમરસતા, સમાનતા અને અંત્યોદય (છેવાડાના માનવીનો વિકાસ)નો દિવ્ય સંદેશ આપ્યો હતો, તે જ વિચારોને સાકાર કરવાનું કાર્ય આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર પોતાના વિવિધ વિકાસકાર્યો અને જનકલ્યાણકારી યોજનાઓ દ્વારા નિષ્ઠાપૂર્વક કરી રહી છે. સંતશ્રીના આ વિચારોમાંથી પ્રેરણા લઈને જ ભાજપ સરકાર 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ' ના મંત્ર સાથે આગળ વધી રહી છે. આ સમગ્ર દિવ્ય દિપોત્સવ કાર્યક્રમને શહેરના તમામ ૧૬ વોર્ડમાં સફળ બનાવવા માટે પૂર્વ મેયર વિનોદભાઈ ખીમસૂરિયા (ઈન્ચાર્જ) તથા સહ-ઈન્ચાર્જઓ અનુક્રમે શહેર ભાજપ ઉપાધ્યક્ષ વિજયભાઈ પરમાર, શહેર ભાજપ ઉપાધ્યક્ષ દયાબેન પરમાર, શહેર ભાજપ મંત્રી નીતાબેન પરમાર અને જામનગર મહાનગર અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ ચંદ્રગુપ્ત રાઠોડ દ્વારા સુદ્રઢ અને વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

## ખંભાળિયા ખાતે નારી વંદન ઉત્સવ અંતર્ગત મહિલા સુરક્ષા દિવસની ઉજવણી



ખંભાળિયા : ખંભાળિયામાં જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દેવભૂમિ દ્વારકા દ્વારા નારી વંદન ઉત્સવ–૨૦૨૬ અંતર્ગત મહિલા સુરક્ષા દિનની ઉજવણીરૂપે ઘરેલું હિંસા અધિનિયમ ૨૦૦૫ અંગે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી પી.પી.જાદવ દ્વારા ઘરેલું હિંસા અધિનિયમ તેમજ દહેજ પ્રતિબંધ અધિનિયમની વિવિધ જોગવાઈઓ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળમાંથી નાઝીરભાઈ મુન્દ્રા દ્વારા મહિલા સુરક્ષા સંબંધિત કાયદાઓ, સખી વન સ્ટોપ સેન્ટર, અભયમ મહિલા હેલ્પલાઇન-૧૮૧, સાયબર સુરક્ષા અને સેલ્ફ ડિફેન્સ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં શાળા/કોલેજના શિક્ષકગણ, વિદ્યાર્થીઓ તેમજ મહિલા અને બાળ અધિકારીની કચેરી હસ્તકના સખી વન સ્ટોપ સેન્ટર, પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર, ૧૮૧ અભયમ હેલ્પ લાઈન તેમજ ડિસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમનના કર્મચારીઓ જોડાયા હતા.

## ધ્રોલ-જોડિયા પોલીસે કબ્જે કરેલ ઈંગ્લીશગ દારૂની ૬૧૫૭ બાટલીનો નાશ કરાયો





તસવીરઃ સંજય ડાંગર-ધ્રોલ

ધ્રોલ : ધ્રોલ અને જોડિયા પોલીસ વિભાગે દરોડા દરમિયાન કબ્જે કરેલ ઈંગ્લિશ દારૂના જથ્થાનો આજરોજ ધ્રોલ નજીક રાજકોટ હાઈવે ઉપર ખુલ્લા મેદાનમાં રોડ રોલર ફેરવી નાશ કર્યો હતો જેમાં કુલમળી ઈંગ્લિશ દારૂની ૬૧૫૭ બાટલી ઉપર રોલર ફેરવી દેવામાં આવ્યું છે આ કામગીરીમાં ડી. વાય. એસ. પી. પિયુષ વાંદા, ધ્રોલ એસ . ડી. એમ. અને મામલતદાર તેમજ સ્થાનિક પોલીસ વિભાગ વિગેરે જોડાયો હતો.

## સલાયા મરીન પોલીસે શિક્ષિકાબેનનું દસ્તાવેજો સાથેનું ખોવાયેલું પર્સ શોધી પરત સોંપ્યું





તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા મરીન પોલીસ સ્ટેશન દ્વારા પ્રશંસનીય કામગીરી કરીને એક અરજદાર શિક્ષિકાબેનનું ખોવાયેલું પર્સ શોધી પરત કરવામાં આવ્યું છે. ખંભાળીયાના હર્ષદપુર વિસ્તારમાં રહેતા અને સીમાણી ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા મનિષાબેન ગોવિંદભાઈ સોનગરાનું ઓરીજનલ આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, પાનકાર્ડ, એટીએમ કાર્ડ અને ઘરની ચાવી જેવી કિંમતી વસ્તુઓ સાથેનું પર્સ રસ્તામાં ક્યાંક પડી ગયું હતું. આ બાબતે અરજદારે રજૂઆત કરતા, ઉચ્ચ પોલીસ અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ સલાયા મરીન પોલીસ સ્ટાફે તાત્કાલિક તે વિસ્તારમાં સઘન તપાસ શરૂ કરી હતી. ટૂંક સમયમાં જ પોલીસે તમામ ઓરીજનલ દસ્તાવેજો સાથેનું પર્સ સહીસલામત શોધી કાઢ્યું હતું. ત્યારબાદ સરકારશ્રીના "તેરા તુઝકો અર્પણ" કાર્યક્રમ હેઠળ અરજદાર શિક્ષિકાબેનને પોલીસ સ્ટેશન બોલાવીને તેમનું પર્સ આદરપૂર્વક પરત સોંપવામાં આવ્યું હતું.

## કાલાવડમાં ૨૫ વર્ષ જૂના વેચાણ કરાર અંગેના દાવામાં અરજી કોર્ટે ફગાવી

જામનગર : કાલાવડના ધોરાજી રોડ પર પતરાવાળા બિલ્ડિંગથી ઓળખાતી કિંમતી મિલકત અંગે ચાલી રહેલા અંદાજે ૨૫ વર્ષ જૂના વેચાણ કરાર સંબંધિત વિવાદમાં નામદાર અતિરિક્ત સિનિયર સિવિલ કોર્ટે મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. વાદી ડાયાલાલ ઉર્ફે હસમુખ ઉદેશી દ્વારા દાખલ કરાયેલા કાયમી મનાઈહુકમના દાવાને સમયમર્યાદા બહારનો ગણાવી રદ કરવાની પ્રતિવાદી કેયુર દિલીપ દવેની અરજી કોર્ટે નામંજૂર કરી છે.

કેસની વિગતો મુજબ, વાદી પક્ષનો આક્ષેપ છે કે સ્વ. રામકૃષ્ણ દવેના છેલ્લા વિલની હકીકત છુપાવી દિલીપ દવે અને તેમના વારસ કેયુર દવેએ કાલાવડ સિટી સર્વે સુપરિન્ટેન્ડન્ટ કચેરીમાં વારસાઈ નોંધાવી હતી. ત્યારબાદ પોતે એકમાત્ર માલિક હોવાનો દાવો કરી મિલકત અન્ય વ્યક્તિને વેચવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આથી રાજકોટના ડાયાલાલ ઉર્ફે હસમુખ ઉદેશીએ જામનગરની અતિરિક્ત સિનિયર સિવિલ કોર્ટમાં કાયમી મનાઈહુકમનો દાવો દાખલ કર્યો હતો. તેના જવાબમાં પ્રતિવાદી કેયુર દવેએ દાવો સમયમર્યાદા બહારનો હોવાનું જણાવી તેને રદ કરવાની અરજી કરી હતી.

વાદી તરફથી એડવોકેટ હિતેન ભટ્ટે દલીલ કરી હતી કે દાવો સમયમર્યાદા બહાર છે કે નહી અને દાવો દાખલ કરવા માટે યોગ્ય કારણ છે કે નહી, તે મુદ્દાઓ પુરાવાના આધારે નક્કી થવાના છે. બંને પક્ષોની દલીલો, દસ્તાવેજી પુરાવા તથા વિલ સંબંધિત હકીકતોને ધ્યાનમાં લઈ કોર્ટે નોંધ્યું કે હાલના તબક્કે માત્ર સમયમર્યાદાના આધારે દાવો રદ કરી શકાય તેમ નથી. આથી પ્રતિવાદીની અરજી ફગાવી દેવામાં આવી છે.

કેયુર દિલીપ દવેએ ભાડુતો પાસેથી ભાડું વસૂલવા અને ભાડાવાળી જગ્યા ખાલી કરાવવા અંગે ડાયાલાલ ઉર્ફે હસમુખ ઉદેશીને લીગલ નોટિસ પણ પાઠવી હતી, જેનો જવાબ વાદી તરફથી એડવોકેટ હિતેન ભટ્ટ મારફતે આપવામાં આવ્યો છે. ઉપરાંત, કેસ અન્ય કોર્ટમાં ટ્રાન્સફર કરવાની પ્રતિવાદી પક્ષની અરજી પણ અગાઉ પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા ફગાવી દેવામાં આવી હોવાનું જણાવાયું છે. આ કેસમાં વાદી તરફથી એડવોકેટ હિતેન ભટ્ટ, હેમાંશુ સોલંકી, ધર્મેન્દ્ર ઠાકર, કૌશિક પરમાર અને સમર્થ ભટ્ટ હાજર રહ્યા હતા.

## જામનગર ફાયરની હેલ્પલાઈન ટેક્નિકલ ખામીના કારણે બંધ : વૈકલ્પિક નંબરો અપાયા

જામનગર : જામનગર ફાયર બ્રિગેડનો ઈમરજન્સી સર્વિસ નંબર ૧૦૧ તેમજ મુખ્ય હેડલાઇન (લેન્ડલાઇન) નંબર ટેક્નિકલ ખામીના કારણે હાલ તાત્કાલિક અસરથી બંધ છે.

જામનગર મહાનગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી મુજબ, ટેક્નિકલ ખામી દૂર ન થાય ત્યાં સુધી આગ લાગવાની અથવા અન્ય કોઈપણ ઈમરજન્સીની સ્થિતિમાં નાગરિકોએ નીચેના ફાયર સ્ટેશનના નંબરો પર તાત્કાલિક સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

સંપર્ક નંબર: મેઈન ફાયર સ્ટેશન: ૦૨૮૮-૨૭૧૦૫૧૫ ઈન્દિરા ફાયર સ્ટેશન: ૦૨૮૮-૨૭૧૦૪૧૧ બેડેશ્વર ફાયર સ્ટેશન: ૦૨૮૮-૨૭૫૫૩૬૮ ફાયર બ્રિગેડની મુખ્ય હેલ્પલાઇન ફરી કાર્યરત થતાં મહાનગરપાલિકા દ્વારા અલગથી જાણ કરવામાં આવશે. ત્યાં સુધી નાગરિકોને ઉપરોક્ત વૈકલ્પિક નંબરોનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

# જામનગરમાં સૌરાષ્ટ્ર યુની. આંતર કોલેજ ચેસ ટુર્નામેન્ટનો ભવન્સ કોલેજમાં પ્રારંભ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આંતર કોલેજ ચેસ કોમ્પિટિશનનું જામનગરની ભવન્સ એચ.જે. દોશી કોલેજમાં આયોજન થયું છે. જેના ઉદ્ઘાટન કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે રાજ્યના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા ઉપસ્થિત રહ્યા હતાં. આજે સવારે શરૂ થયેલ આંતર કોલેજ ચેસ ટુર્નામેન્ટ્સ સૌરાષ્ટ્રની જુદી જુદી કોલેજના ૧૦૫ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. જેમાં વિજેતા થનાર ખેલાડીઓ રાજસ્થાનમાં યોજાનાર ઈન્ટર યુનિવર્સિટી વેસ્ટ ઝોન કોમ્પિટિશનમાં ભાગ લેવા જશે. આ ટુર્નામેન્ટના ઉદ્ઘાટન પ્રસંગે રાજ્યના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા, ચિફ પેટ્રન તરીકે ઉત્પલ સોની (વી.સી. સૌ. યુનિ.), ડો. હરિશ રાણા (સ્પોર્ટસ ડાયરેક્ટર સૌ. યુનિ.), એચ.જે. દોશી કોલેજના પ્રિન્સિપાલ ડો. તૌસીફ ખાન પઠાણ અને બહોળી સંખ્યામાં ખેલાડીઓ, વિદ્યાર્થીઓ વિગેરે ઉપસ્થિત રહ્યા હતાં

## હેપ્પી બર્થ-ડે

### જામનગર જિલ્લા આહિર સેના પ્રમુખ ગીરીશભાઈ ડેરનો આજે જન્મદિવસ



સામાજિક ક્ષેત્રે સક્રિય આગેવાન, 'આદેશ કન્સ્ટ્રક્શન'ના સ્થાપક તેમજ જામનગર જિલ્લા આહિર સેનાના પ્રમુખ ગીરીશભાઈ ડેરનો આજે જન્મદિવસ છે. સમાજઉપયોગી કાર્યો અને સરળ સ્વભાવને કારણે આહિર સમાજમાં ખૂબ જ ઊંચી નામના અને આદરણીય સ્થાન ધરાવે છે. આહિર સેના જામનગર જિલ્લા પ્રમુખ તરીકે તેઓ સામાજિક સમરસતા, યુવા સંગઠન અને સમાજના કલ્યાણકારી કાર્યોમાં સતત સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. આજે તેમના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓ તેમના મોબાઈલ નંબર ૯૪૦૮૦ ૧૦૭૮૬ છે.

# જામ્યુકોની સ્ટેન્ડિંગ કમિટીમાં રૂા. ૧૧.૯૩ કરોડની દરખાસ્તો મંજુર

જામનગર : જામનગર મહાનગરપાલિકાની ગઈકાલે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કુલ રૂ.૧૧ કરોડ ૯૩ લાખના વિવિધ વિકાસ કામને મંજૂરી આપવામાં આવી હતી. ઉપરાંત ૧૫ ઓગસ્ટ નિમિત્તે ટાઉનહોલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવા નિર્ણય લેવાયો હતો.

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીગ કમિટીની મીટીગ ગઈકાલ તા. ૭ના રોજ ચેરમેન ધીરેનકુમાર મોનાણીના અધ્યક્ષ સ્થાને મળેલ હતી. તેમાં કુલ ૧૨ સભ્યો ઉપરાંત મેયર મોનીકાબેન વ્યાસ, ડે. મેયર રાકેશભાઈ ડેર, કમિશ્નર દિપેશ કેડીયા, ડે. કમિશ્નર દેવેન્દ્રસિંહ ઝાલા, સીટી એન્જીનીયર ભાવેશભાઈ જાની, આસી. કમિશ્નર (વ.) મુકેશભાઈ વરણવા, આસી. કમિશ્નર (ટે.) જીજ્ઞેશભાઈ નિર્મલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



તસવીર: સુનિલ ચુડાસમા

મહાનગરપાલિકા સામાન્ય ચુંટણી-૨૦૨૬ વિશિષ્ટ કામગીરી બજાવેલ કર્મચારીઓને પ્રોત્સાહન રકમ આપવા અંગે કમિશશ્નરની રજુ થયેલ દરખાસ્ત અન્વયે ૪૦ કર્મચારીઓને પ્રોત્સાહનની રકમ રૂા. ૪ લાખ મંજુર કરવામાં આવી હતી.

કોમ્પ્યુટર શાખા ખાતે કોમ્પ્યુટર પ્રોગ્રામરની જગ્યા ઉપર કોન્ટ્રાકટ બેઈઝથી નવી નિમણુંક આપવા અંગેની દરખાસ્ત તેમજ સોલીડ વેસ્ટ મેને. શાખા ખાતે લાઈવ સ્ટોક ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા કર્મચારી ઓને કોન્ટ્રાકટ બેઈઝથી નવી નિમણુંક આપવા અંગેની દરખાસ્તને પણ મંજૂરી આપવામાં આવી હતી

જામનગર શહેરમાં ચોમાસાની ઋતુ દરમ્યાન જુદી-જુદી જગ્યાએ ડી-વોટરીંગ કરવાના કામ અંગે રૂ પાંચ લાખ, પ્રાઈવેટ સોસાયટી સ્કીમ' હેઠળ સફાઈ કામદારો અને ખર્ચ મંજુરી તથા સોસાયટીના સુધારણા અંગે રૂા. ૧૩.૪૪ લાખ, વોટર વર્કસ શાખા માટે ઉડ-૧ ખાતે પોલ્ડર ટાઈપ સબમર્શીબલ પમ્પ સેટ, એટીએસ પેનલ તેમજ તેને આનુસાંગીક માલ-સામાન સપ્લાય કરવાના કામ અંગે રૂા. ૩૯.૭૪ લાખ, સીવીલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૨) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોક ભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ/સી.સી. બ્લોક (પેવર બ્લોક) ના કામ અંગે રૂા. ૨૦૦ લાખ, સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૧) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ/સી.સી. બ્લોક (પેવર બ્લોક) ના કામ અંગે રૂા. ૧૦૦ લાખ, સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૧૬) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ/સી.સી. બ્લોક (પેવર બ્લોક) ના કામ અંગે રૂા. ૨૫૦ લાખ, સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૮) વિસ્તારમાં ખાનગી સોસાયટીઓમાં, ગુજરાત હાઉસીગ બોર્ડની વસાહતોમાં તથા અન્ય રહેણાંક વિસ્તારોમાં લોકભાગીદારીથી માળખાકીય સુવિધાઓની વિકાસની યોજના અંતર્ગત સી.સી. રોડ/સી.સી. બ્લોક (પેવર બ્લોક) ના કામ અંગે રૂા. ૨૫૦ લાખ, સીવીલ વેસ્ટ, ઈસ્ટ, સાઉથ, નોર્થ અને સેન્ટ્રલ ઝોનમાં ૧૦૦ ટકાના ધોરણે સીવીલ વર્કસ (બિલ્ડીગ વર્કસ, કમ્પાઉન્ડ વોલ, કોમ્યુનીટી હોલ, ડોમ ટાઈપ કોમ્યુનીટી હોલ, ફેન્સીગ, સાઈન બોર્ડ વિ. પ્રકારના) ના કામ રૂા. ૧૬૦.૬૭ લાખ, સને ૨૦૨૬-૨૭ દરમ્યાન સ્વભંડોળ અન્વયે સીવીલ નોર્થ, સાઉથ, ઈસ્ટ, વેસ્ટ અને સેન્ટ્રલ ઝોનમાં જુદી-જુદી કંપનીઓ દ્વારા કેબલ લેઈગ / ગેસ પાઈપ લાઈન અને વોટર વર્કસ શાખા દ્વારા કરવામાં આવેલ ટ્રેન્ચમાં આસ્ફાલ્ટ સ્ટ્રેન્ધનીગના (ચરેડા) કામ અંગે રૂા. ૧૩૦ લાખ અને વોર્ડ નં. ૧૫, રણજીતસાગર રોડ રાજપુત કન્યા છાત્રાલયથી જ્ઞાન ગંગા સ્કુલથી ખોડીયાર પાર્ક પાસેના કોમન પ્લોટ સુધી સ્ટ્રોમ વોટર કેનાલ અને સી.સી. રોડના કામ અંગે રૂા. ૩૯.૭૨ લાખ ના ખર્ચને મંજુર કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત એક દરખાસ્ત અધ્યક્ષ સ્થાનેથી રજૂ કરવામાં આવી હતી જેમાં ૧૫ મી ઓગષ્ટ નિમિતે ટાઉન હોલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ કરવાનું મંજુર કરવામાં આવ્યું હતું.આમ આ આ સ્ટેન્ડિંગ કમિટીમાં કુલ રૂ.૧૧ કરોડ ૯૩ લાખના વિવિધ ખર્ચની દરખાસ્તો મંજુર કરાઈ હતી.

# જામનગરમાં બે વ્યાજખોરના ત્રાસથી યુવાને ફીનાઈલ ગટગટાવ્યુ

## ૧૩ લાખના સામે ૨૨ લાખ ચૂકવ્યા છતાં વ્યાજખોરોએ બે ચેક અને બાઈક પડાવી લઈ મકાન વેચી નાખવા કહ્યું

જામનગર : જામનગરમાં નબળી આર્થિક પરિસ્થિતિનો લાભ લઈ બે શખ્સો પાસેથી રૂ.૧૩ લાખ જેટલી રકમ માસિક ૨૦ ટકા વ્યાજે લીધા બાદ રૂ.૨૨ લાખ જેટલી રકમ ચૂકવી હોવા છતાં વધુ વ્યાજ અને મુદ્દલની ઉઘરાણી કરી ધમકી આપવાના બનાવમાં પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધ્યો છે. જ્યારે વ્યાજખોરોની ધમકીથી કંટાળેલા યુવાને ફિનાઈલ પી લેતાં તેને જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ શહેરના કાલાવડ નાકા બહાર એસ.ટી. ડિવિઝન પાસે ગ્રીન પાર્ક શેરી નં.૧માં રહેતા અને મજૂરી કામ કરતા અમન યુનુશભાઈ મલેકે વર્ષ ૨૦૨૫માં ઘરની આર્થિક સ્થિતિ નબળી હોવાથી પૈસાની જરૂર પડતાં તેના મિત્ર અનીશ યુસુફભાઈ મીનાણી તથા તેના ભાઈ તોફીક યુસુફભાઈ મીનાણી પાસેથી અલગ-અલગ સમયે કટકે-કટકે રૂ.૧૩ લાખ જેટલી રકમ માસિક ૨૦ ટકા વ્યાજે લીધી હતી. જેમાં અત્યાર સુધીમાં બંને આરોપીઓને ગુગલ પે તથા રોકડ મારફતે અંદાજે રૂ.૨૨ લાખ જેટલી રકમ ચૂકવી આપી હતી. તેમ છતાં બંને શખ્સો વધુ વ્યાજ તથા મુદ્દલની ઉઘરાણી કરતા હતા.

આશરે એક મહિના પહેલાં બંને આરોપીઓ ફરિયાદીના ઘરે આવી વ્યાજના પૈસા નહી આપે તો બંને પગ કાઢી નાખવાની ધમકી આપી ગાળો ભાંડી હતી અને ફરિયાદી પાસેથી આઈ.ડી.એફ.સી. બેંક તથા કોટક મહિન્દ્રા બેંકના તેની સહીવાળા કોરા ચેક બળજબરીથી લઈ ગયા હતા.

આ ઉપરાંત આશરે પંદર દિવસ પહેલાં ફરિયાદીની એક્સેસ મોટરસાઈકલ, જેનો રજિસ્ટ્રેશન નંબર જીજે-૧૦-ડીક્યુ-૧૨૩૦ છે, તે પણ બંને શખ્સો બળજબરીથી લઈ ગયા હતા. દરમિયાન તા.૧ ઓગસ્ટના રોજ સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં અનીશનો ફોન આવ્યો હતો અને બે દિવસથી ફોન કરતો હોવાનું કહી વ્યાજના પૈસા નહીં આપે તો મકાન વેચી નાખવા તેમજ પૈસા નહીં આપે તો રાત્રે ઘરેથી ઉઠાવી જવાની ધમકી આપી હતી. આથી માનસિક રીતે વ્યથિત થયેલા અમને ઘરે બાથરૂમમાં જઈ ફિનાઈલ પી લેતા પરિવારજનોને તેને જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

સારવાર બાદ રજા મળતાં અમને અનીશ યુસુફભાઈ મીનાણી અને તોફીક યુસુફભાઈ મીનાણી સામે ફરિયાદ નોંધાવતા પોલીસે બંને શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામજોધપુરના મેલાણ ગામે માનસિક બીમારીથી કંટાળી પરિણીતાએ ટ્રેન હેઠળ ઝંપલાવ્યું

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર નજીક ન્યારા પેટ્રોલ પંપ સામેના રેલવે ટ્રેક પર એક પરિણીતાએ ટ્રેન હેઠળ પડતું મૂકી જીવન ટૂંકાવી લેતાં અરેરાટી ફેલાઈ હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ જામજોધપુર તાલુકાના મેલાણ ગામના વાડી વિસ્તારમાં રહેતા વનીતાબેન જીવનભાઈ વાઘિયા (૫૪) છેલ્લા કેટલાક સમયથી માનસિક તણાવમાં રહેતા હતા. તેઓ અગાઉ આશરે ચાર વર્ષ સુધી માનસિક બીમારીની દવા લેતા હતા, પરંતુ છેલ્લા બે વર્ષથી તેમણે પોતાની રીતે દવા લેવાનું બંધ કરી દીધું હતું.

દરમિયાન ગઈકાલે જામજોધપુરના ન્યારા પેટ્રોલ પંપની સામે આવેલા રેલવે ટ્રેક પર વનીતાબેને માનસિક તણાવથી કંટાળી ટ્રેન હેઠળ પડતું મૂક્યું હતું. જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

બનાવની જાણ થતાં પરિવારજનો તથા પોલીસ ઘટના સ્થળે દોડી ગયા હતા. મૃતકના પુત્ર રૂપેશભાઈ જીવનભાઈ વાઘિયાએ જામજોધપુર પોલીસ મથકે જાણ કરતાં પોલીસે બી.એન.એસ.એસ.ની કલમ ૧૯૪ મુજબ અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં પોલીસ પર હુમલો કરનાર બંને શખ્સોના ઘટના સ્થળે સીન વિખી નાખ્યા

જામનગર : જામનગરમાં કાલાવડ નાકા બહાર બુરહાની પાર્ક વિસ્તારમાં પોલીસ કોન્સ્ટેબલ પર હુમલો કરી સરકારી ફરજમાં રૂકાવટ કરવાના ગુનામાં પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી છે. ઘટનાસ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રક્શન પણ કરાવ્યું હતું.

આ બનાવની વિગત એવી છે કે ૧૧૨ જનરક્ષક ટીમના પોલીસ કોન્સ્ટેબલ નીલેશભાઈ ગોવિંદભાઈ અધેરા અને ડ્રાઈવર અજયસિંહ સોઢા કાલાવડ નાકા બહાર બુરહાની પાર્ક વિસ્તારમાં પહોંચ્યા હતા. ત્યાં બંને આરોપીઓ મુસ્તુફા મોહમદ વજુગરા અને હાજીભાઈ મોહમદ વજુગરાએ પોલીસ સાથે જીભાજોડી કરી, સરકારી કામગીરીમાં અવરોધ ઉભો કર્યો હતો. આ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલને ઝાપટ મારી ધમકી આપી હતી.


તસવીર: સુનિલ ચુડાસમા

આ બનાવ અંગે સીટી એ-ડિવિઝન પોલીસ મથકે બંને આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આ ગુનાની તપાસ દરમિયાન સીટી એ-ડિવિઝનના પીઆઈ. વિપુલસિંહ ડોડિયા, પીએસઆઈ વસંત ગામેતી તથા તેમની ટીમે બંને આરોપીઓને ત્વરિત ઝડપી પાડ્યા હતા. ત્યારબાદ આરોપીઓને બનાવના સ્થળે લઈ જઈ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયું હતું.

પોલીસ કાર્યવાહી દરમિયાન બંને આરોપીઓએ ભવિષ્યમાં આવી પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ નહી કરવાની કબૂલાત વ્યક્ત કરી હોવાનું પણ જાણવા મળ્યું છે. પોલીસે સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# સલાયામાં જેટી ઉપર હાઈડ્રો વાહન રિવર્સમાં લેતા યુવાનને કચડી નાખતા મૃત્યુ

ખંભાળિયા : સલાયા ગામે જેટી ખાતે ખાનગી કંપનીમાં રાત્રી ફરજ બજાવતા અને મોટા માંઢા ગામમાં રહેતા એક યુવાનનું હાઈડ્રો વાહનના ચાલકે રિવર્સમાં લેતી વેળાએ માથું કચડી નાખતા અરેરાટીભર્યું મોત નિપજતા મૃતકના પરિવારમાં માતમ પ્રસરી ગયો છે. બીજીતરફ વાહન ચાલક સામે મૃતકના ભાઈ દ્વારા સ્થાનિક પોલીસ દફતરે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ આગળની કાર્યવાહી આરંભી હતી.

મળતી માહિતી પ્રમાણે ખંભાળિયા તાલુકાના સલાયા ખાતે રહેતો અસગર હાજીભાઈ સંધી નામનો યુવાન ગામની એસ્સાર જેટીના ડીઝલ પોઈન્ટ ઉપર રાત્રી પાળીમાં નોકરી કરતો હોય દરમિયાન ગઈકાલે રાત્રે પોતાની ફરજ ઉપર હાજર હતો ત્યારે હાઈડ્રો વાહનથી કામગીરી ચાલુ હોઈ આ વેળાએ જી. જે. ૩૭. એસ. ૮૨૪૧ નંબરના હાઈડ્રો વાહનના ચાલક ક્રિપાલસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાએ પોતાનું વાહન ગફલતભરી રીતે ચલાવી રિવર્સમાં લેતી વખતે હાઈડ્રોના પાછળના ટાયરના ભાગે અસગરનું માથું કચડી નાખતા તેનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું.

આ બનાવની સલાયા મરીન પોલીસ દફતરે મૃતકના ગફારભાઈ હાજીભાઈ સંધીએ હાઈડ્રો વાહનના ચાલક ક્રિપાલસિંહ જાડેજા સામે ફરિયાદ નોંધાવતા એ. એસ. આઈ. વી. વી. માયાણી સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને આગળની તપાસ હાથ ધરી હતી.

# જામનગરમા ૧૨ પેઢીઓનો રૂપિયા ૨.૩૭ કરોડનો બ્રાસ સ્ક્રેપ ઓળવી જનાર ડ્રાઈવર-ક્લીનર ઝડપાયા

## ૨૫.૫ ટન પિત્તળનો ભંગાર રસ્તામાં જ સગેવગે કરી નાખનાર રાજસ્થાનના બે શખ્સોની ધરપકડ

જામનગર : જામનગરના વિશ્વવિખ્યાત બ્રાસ ઉદ્યોગ સાથે જોડાયેલા વેપારીઓને રાતોરાત કરોડો રૂપિયાનો ચૂનો લગાવવાના એક આયોજનબદ્ધ કાવતરાનો રાજકોટ પોલીસે પર્દાફાશ કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, જામનગર જીઆઈડીસી વિસ્તારમાં આવેલી એલાયન્સ મેટલ કંપની સહિતની ૧૨ જેટલી નામાંકિત બ્રાસ પેઢીઓ દ્વારા દિલ્હીથી કુલ ૨૫,૪૪૧.૩૫ કિલોગ્રામ (અંદાજે ૨૫.૫ ટન) બ્રાસ સ્ક્રેપ (પિત્તળનો ભંગાર) મંગાવવામાં આવ્યો હતો. જેની અંદાજિત કિંમત રૂ. ૨,૩૭,૩૩,૧૩૪ થવા જાય છે. ગત ૩૧મી જુલાઈના રોજ દિલ્હી સ્થિત શ્રી શ્યામ ટ્રાન્સપોર્ટની મુખ્ય ઓફિસેથી ટ્રક (RJ-19-GF-4413) મારફતે આ કિંમતી માલ જામનગર આવવા રવાના થયો હતો.

પરંતુ, આ માલ જામનગર પહોંચે તે પહેલાં જ રસ્તામાં જ ગાયબ થઈ જતાં જામનગરના બ્રાસ ઉદ્યોગ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. ગત ૫ મી ઓગસ્ટના રોજ નિયત સમયે માલની ડિલિવરી ન મળતા જામનગરના વેપારીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું અને તાત્કાલિક ટ્રાન્સપોર્ટ કંપનીનો સંપર્ક સાધતા આ મસમોટા કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

આ સમગ્ર કૌભાંડને રાજસ્થાનના જોધપુરના વતની એવા ડ્રાઈવર મનોહરસિંગ કરણસિંગ અને ક્લીનર પ્રતાપસિંગે અંજામ આપ્યો હતો. ગત ૪થી ઓગસ્ટના રોજ બપોરના સમયે આ ટ્રક રાજકોટના ઢેબર રોડ પર આવેલી શ્યામ ટ્રાન્સપોર્ટની પેઢી પર પહોંચ્યો હતો. કુલ ૨૭ ટન માલમાંથી રાજકોટની સ્થાનિક પાર્ટીઓનો ૨ ટન માલ ઓફિસે ઉતારી લીધા બાદ, ટ્રાન્સપોર્ટ મેનેજર પૃથ્વીરાજસિંહ જાડેજા દ્વારા ડ્રાઈવરને નો-એન્ટ્રીનો સમય પૂરો થયા પછી બાકીનો ૨૫.૫ ટન માલ જામનગર પહોંચાડવાની કડક સૂચના આપવામાં આવી હતી.

જોકે, આર્થિક લાલચમાં આવી ગયેલા ડ્રાઈવર અને ક્લીનરે રાતોરાત અન્ય શખ્સો સાથે મળીને જામનગર મોકલવાનો કરોડો રૂપિયાનો આ માલ કોઈ અજ્ઞાત સ્થળે બારોબાર વેચી મારી સગેવગે કરી નાખ્યો હતો.

બીજા દિવસે જામનગરથી વેપારીઓના ફોન આવતા મેનેજરે તપાસ શરૂ કરી, જેમાં ડ્રાઈવર-ક્લીનરના ફોન સ્વીચઓફ જણાયા હતા અને ખાલીખમ ટ્રક રાજકોટ ટ્રાન્સપોર્ટ ઓફિસની પાછળ બિનવારસી અને ખુલ્લી હાલતમાં મળી આવ્યો હતો.

ટ્રકની કેબિનમાંથી જામનગરના વેપારીઓની માલની બિલ્ટીઓની ફાઈલ મળી આવતા સ્પષ્ટ થઈ ગયું હતું કે જામનગરનો કરોડોનો માલ ચાઉં થઈ ગયો છે. આ ગંભીર ઘટના અંગે શ્યામ ટ્રાન્સપોર્ટ (જેના માલિક દિલ્હી રહેતા નીતિનભાઈ રૂડકીવાલા છે) ના ગોંડલના હડમતાળા ખાતે રહેતા મેનેજર પૃથ્વીરાજસિંહ રેવતુભા જાડેજા દ્વારા રાજકોટના ભક્તિનગર પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ભક્તિનગર પીઆઈ જે.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.એચ. ગોહિલ, નિલેશભાઈ મકવાણા અને તેમની ટીમે જીપીએસ ફ્લીટ ટ્રેકિંગ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસનો ધમધમાટ શરૂ કરી ગણતરીના કલાકોમાં જ બંને આરોપીઓને દબોચી લીધા હતા.

જામનગરના ઉદ્યોગકારો માટે રાહતના સમાચાર એ છે કે પોલીસે બંને શખ્સોની સઘન પૂછપરછ શરૂ કરી છે, જેથી સગેવગે કરાયેલો તમામ મુદ્દામાલ ઝડપથી રિકવર કરી શકાય અને આ કાવતરામાં સામેલ અન્ય સાગરીતોને પણ કાયદાના સકંજામાં લઈ શકાય.

# બેડીમાં બહેનના મોતની વાતમાં બોલાચાલી થતાં યુવાન પર તલવારો વડે હુમલો

## ત્રણ શખ્સોએ યુવક પર તલવારથી હુમલો કરતા માથામાં, હાથ અને બંને પગમાં ઈજા

જામનગર : જામનગરના ધરાનગર વિસ્તારમાં બહેનના દસ વર્ષ પહેલાં થયેલા મોતની વાતને લઈને બનેવી સાથે થયેલી બોલાચાલીનો ખાર રાખી ત્રણ શખ્સોએ એક યુવક પર તલવાર વડે હુમલો કરતા યુવકને ગંભીર ઈજાઓ થતાં તેને જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો.

જામનગરમાં ધરાનગર-૧ વિસ્તારમાં રહેતા સમીલ ઈસ્માઈલભાઈ હાલેપોત્રા નામનો યુવાન તા.૧ ઓગસ્ટના રોજ સમીલ તેના બનેવી સાકીમ જુસબભાઈ ગજણ સાથે જામનગરના વામ્બે આવાસ વિસ્તારમાં મિત્રને ત્યાં ગયો હતો. ત્યાં તેની બહેન ગુલબાનુ, જેનું આશરે દસ વર્ષ પહેલાં અવસાન થયું હતું, તેના મોતના દુઃખની વાતને લઈને બનેવી સાકીમ સાથે બોલાચાલી થતાં સમીલ તેને ત્યાં જ મૂકી ઘરે પરત આવ્યો હતો.

દરમ્યાન સાકીમનો મોટો ભાઈ ઈમ્તીયાઝ જુસબ ગજણ સમીલના ઘરે આવ્યો હતો અને સાકીમ સાથે કેમ બોલાચાલી કરી તેમ કહી ગાળો આપવા લાગ્યો હતો. સમીલે ગાળો આપવાની ના પાડતાં ઈમ્તીયાઝે હાથમાં રહેલી તલવારથી તેના માથામાં એક ઘા માર્યો હતો. જેના કારણે સમીલ નીચે પડી ગયો હતો. જ્યારે સાકીમ તથા તેના પિતા જુસબ જુમા ગજણ પણ તલવાર લઈને આવી પહોંચ્યા હતા. સાકીમે તલવારથી હુમલો કરતાં સમીલે તલવાર પકડી લેતાં તેના ડાબા હાથમાં ઈજા થઈ હતી. ત્યારબાદ જુસબ જુમાએ ધાર વગરની તલવારથી સમીલના બંને પગમાં એક-એક ઘા મારતાં લોહી નીકળવા લાગ્યું હતું.

હુમલા દરમિયાન સમીલનો નાનો ભાઈ સાદીક તથા માતા મીમીબેન વચ્ચે આવી જતાં વધુ મારમાંથી તેને છોડાવ્યો હતો. ત્યારબાદ માતાએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવતાં સમીલને જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો.

સારવાર બાદ રજા મળ્યા પછી સમીલ ઘરે પરત આવ્યો હતો. આ બનાવ અંગે ઈમ્તીયાઝ જુસબ ગજણ, સાકીમ જુસબભાઈ ગજણ ફરિયાદ નોંધાવતા પોલીસે હુમલાખોરો સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દ્વારકાની ખાનગી કંપનીમાંથી રૂ. ૩ લાખના કોપર વાયરની ચોરી

દ્વારકા : દ્વારકા પંથકની એક ખાનગી કંપનીમાં વધુ એક વાયર ચોરીની સ્થાનિક પોલીસ દફતરે કર્મચારી દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે જેમાં અઠવાડિયા અગાઉ કંપનીમાં કોઈ તસ્કરો ત્રાટકી ત્યાંથી રૂ. ૩ લાખની કિંમતના કોપર વાયરની ચોરી કરી પોબારા ભણી ગયા હતા ત્યારે અજાણ્યા તસ્કરોને ઝડપી લેવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી પ્રમાણે દ્વારકા પંથકમાં આવેલી આર. એસ. પી. એલ. કંપનીમાં કોઈ તસ્કરો અપ પ્રવેશ કરી કંપનીના મટીરિયલ યાર્ડમાં રાખવામાં આવેલ અલગ - અલગ સાઈઝના ઈલેક્ટ્રિક વાયર જેમાં અંદર આવેલ એલ્યુમિનિયમ સાથેનું કોપર જેનો વજન આશરે ૬૦૦ કિલો જેટલો અને કિંમત રૂ. ૩ લાખ થતી હોઈ ચોરી કરી લઈ ગયાની વધુ એક ફરિયાદ કંપનીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર વિજયસિંઘ સિયારામ રાજપૂત એ દ્વારકા પોલીસ મથકમાં નોંધાવતા પી. એસ. આઈ. પી. કે. ડાંગર આગળની તપાસ ચલાવી રહ્યા છે.